632-150-3-2019

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સામાન્ય સભા ગુજરાત યુનિવર્સિટીના કોર્ટ ખંડમાં ગુરૂવાર, તા.૩૧-૩-૨૦૧૮ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એચ. એ. પંડયાએ સંભાળયું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૩૧-૩-૨૦૧૮ |
| --- | --- | --- |
| ૧. | માન. શ્રી ઓમ પ્રકાશ કોહલી, કુલાધિપતિશ્રી | ગેરહાજર |
| ૨. | પ્રો. હિમાંશુ એ. પંડયા, કુલપતિશ્રી | હાજર |
| ૩. | ડો. એમ. એન. પટેલ | ગેરહાજર |
| ૪. | ડો. પિયુષ એમ. પટેલ | હાજર |
| ૫. | ડો. યોગેશભાઇ પારેખ | હાજર |
| ૬. | કમિશ્નર ઓફ હાયર એજયુકેશન | ગેરહાજર |
| ૭. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૮. | કમિશ્નર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ | ગેરહાજર |
| ૯. | ડાયરેકટર ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેઇનીંગ | ગેરહાજર |
| ૧૦. | કમિશ્નર ઓફ ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન | ગેરહાજર |
| ૧૧. | ચેરમેનશ્રી, ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડ | ગેરહાજર |
| ૧૨. | શ્રી ઇમરાન યુ. ખેરાવાલા | ગેરહાજર |
| ૧૩. | શ્રી પ્રદિપ કે. પરમાર | ગેરહાજર |
| ૧૪. | શ્રી દેવાંગ જીતેન્દ્રભાઇ દાણી | હાજર |
| ૧૫. | શ્રી યોગેશ ડી. શ્રીધર | હાજર |
| ૧૬. | શ્રી પંકજકુમાર ગીરીજાપ્રસાદ ઠાકર | હાજર |
| ૧૭. | શ્રી ધર્મેશકુમાર હીરાલાલ રાવ | હાજર |
| ૧૮. | શ્રી વિશાલ પ્રવિણભાઇ પટેલ | હાજર |
| ૧૯. | શ્રી સતીષકુમાર નટવરલાલ પટેલ | ગેરહાજર |
| ૨૦. | શ્રી પંકજકુમાર રમેશકાંત શુક્લા | હાજર |
| ૨૧. | શ્રી મહેશ બાબુલાલ પટેલ | હાજર |
| ૨૨. | શ્રી અશોકભાઇ કલ્યાણભાઇ વનાલીયા | હાજર |
| ૨૩. | શ્રી હસમુખ દેવજીભાઇ ચૌધરી | હાજર |
| ૨૪. | શ્રી બંકીમચંદ્ર જેકીશનદાસ મિસ્ત્રી | ગેરહાજર |
| ૨૫. | શ્રી ભરત વિદુરભાઇ ભગત | હાજર |
| ૨૬. | શ્રી કેતન ધીરજલાલ દેસાઇ | ગેરહાજર |
| ૨૭. | ડો. મનીષ એમ. દોશી | ગેરહાજર |

| | | |
|---|---|---|
| ૨૮. | શ્રી દેવાંગભાઇ સુધીરભાઇ નાણાવટી | ગેરહાજર |
| ૨૯. | શ્રી રિતેષ કમલકિશોર હાડા | ગેરહાજર |
| ૩૦. | શ્રી બળદેવભાઇ જોઇતાભાઇ ચૌધરી | હાજર |
| ૩૧. | શ્રી નિલેશ પી. સથવારા | હાજર |
| ૩૨. | શ્રી રામભાઇ એ. ગાધે | હાજર |
| ૩૩. | શ્રી મુકેશ હરિપ્રસાદ ખટીક | ગેરહાજર |
| ૩૪. | શ્રી શિલ્પા એન. ઠાકર | હાજર |
| ૩૫. | શ્રીમતી સોનલ આર. પંડયા | ગેરહાજર |
| ૩૬. | શ્રી ઇશ્વરભાઇ એન. ગામીત | હાજર |
| ૩૭. | શ્રી પ્રતાપસિંગ રતીલાલભાઇ પડવી | હાજર |
| ૩૮. | શ્રી પંકજ એમ. શ્રીમાળી | હાજર |
| ૩૯. | ડો. દિગ્વિજયસિંહ જી. ગોહિલ | હાજર |
| ૪૦. | શ્રી રમેશભાઇ જોઇતારામ ચૌધરી | હાજર |
| ૪૧. | શ્રી રણજીતસિંહ જોરૂભા ઝાલા | હાજર |
| ૪૨. | શ્રી હર્ષદ મગનલાલ બ્રહ્મભટ્ટ | હાજર |
| ૪૩. | શ્રી હર્ષદકુમાર એ. પટેલ | ગેરહાજર |
| ૪૪. | ડો. ધવલ આર. પટેલ | હાજર |
| ૪૫. | શ્રી અવિનાશ જસવંતલાલ શાહ | હાજર |
| ૪૬. | શ્રી રાજેશ પી. સથવારા | હાજર |
| ૪૭. | શ્રી ગીરીશ કનુભાઇ રાણા | હાજર |
| ૪૮. | શ્રી રાજેન્દ્ર મગનલાલ જાદવ | હાજર |
| ૪૯. | શ્રી લક્ષ્મણભાઇ કે. પરમાર | હાજર |
| ૫૦. | શ્રી મહેશકુમાર સી. પટેલ | ગેરહાજર |
| ૫૧. | શ્રી ધવલ કનૈયાલાલ વાઘેલા | હાજર |
| ૫૨. | શ્રી નિતલ રમેશચંદ્ર પંચાલ | ગેરહાજર |
| ૫૩. | શ્રી વિજયસિંહ બી. પઢેરીયા | હાજર |
| ૫૪. | શ્રી કૌશિકકુમાર ચીમનલાલ રાવલ | હાજર |
| ૫૫. | શ્રી હિરેન બાબુભાઇ પટેલ | ગેરહાજર |
| ૫૬. | શ્રી દિપક ગુણવંતરાય શુકલ | ગેરહાજર |
| ૫૭. | શ્રીમતી મયુરી હિમાંશુ પંડયા | હાજર |
| ૫૮. | શ્રી હરેશ પી. ભાલોડિયા | ગેરહાજર |
| ૫૯. | શ્રી દેવલ એમ. દેસાઇ | હાજર |
| ૬૦. | શ્રી વિપુલકુમાર નાનજીભાઇ સોલંકી | હાજર |
| ૬૧. | શ્રી નિતીનકુમાર ડાહયાભાઇ શાહ | હાજર |
| ૬૨. | શ્રી જીગ્નેશ એમ. કૌંગલ | હાજર |
| ૬૩. | શ્રી પ્રકાશ બી. ખુમાન | હાજર |
| ૬૪. | શ્રી દેવદત્ત રામસિંગ રાણા | હાજર |
| ૬૫. | શ્રી જસવંતભાઇ હરીભાઇ ઠકકર | હાજર |
| ૬૬. | શ્રી અશ્વિનકુમાર જસવંતલાલ પટેલ | હાજર |
| ૬૭. | શ્રી મનુભાઇ બી. ભરવાડ | હાજર |

| | | |
|---|---|---|
| ૬૮. | ડૉ. અર્થ કે. પટેલ | હાજર |
| ૬૯. | શ્રી સુભાષ વાડીલાલ બ્રહમભટ્ટ | હાજર |
| ૭૦. | શ્રી જયવંતસિંહ અંકુભાઇ સરવૈયા | હાજર |
| ૭૧. | શ્રીમતી ગીતા પ્રાણલાલ મહેતા | હાજર |
| ૭૨. | શ્રી હિતેશકુમાર રમેશચંદ્ર ભટ્ટ | હાજર |
| ૭૩. | શ્રી સ્ટારપાયલ નટરાજન ઐયર | હાજર |
| ૭૪. | શ્રી સંગીતા પુષ્કર ઘાટે | હાજર |
| ૭૫. | શ્રી ગીતા ગીરીશભાઇ પંડયા | હાજર |
| ૭૬. | શ્રી નિરજા અરૂણ ગુપ્તા | હાજર |
| ૭૭. | શ્રી મહિપતસિંહ દાનસિંહ ચાવડા | ગેરહાજર |
| ૭૮. | શ્રી જગદીશભાઇ એસ. ચૌધરી | હાજર |
| ૭૯. | શ્રી આશા સનતકુમાર પંડીત | ગેરહાજર |
| ૮૦. | શ્રી ચતુરભાઇ પ્રભુદાસ પટેલ | ગેરહાજર |
| ૮૧. | શ્રી હરેશકુમાર ભુપતભાઇ વાઢેલ | હાજર |
| ૮૨. | શ્રી કિરણ ચંદ્રકાન્ત દેશમુખ | હાજર |
| ૮૩. | શ્રી ભાનુકુમાર ખુમજી જૈન | ગેરહાજર |
| ૮૪. | શ્રી રૂતેશ રમણીકલાલ શાહ | હાજર |
| ૮૫. | શ્રી અરૂણેન્દ્રસિંઘ શિવપાલસિંઘ રાઠોર | ગેરહાજર |
| ૮૬. | શ્રી લક્ષ્મીકાન્ત એસ. પાઠક | હાજર |
| ૮૭. | ડૉ. રૂષિકેશ વી. મહેતા | હાજર |
| ૮૮. | શ્રી દિલીપકુમાર અમૃતલાલ મેવાડા | ગેરહાજર |
| ૮૯. | શ્રી અરૂણ હરીલાલ વ્યાસ | ગેરહાજર |
| ૯૦. | શ્રી સંજય એમ. વકીલ | હાજર |
| ૯૧. | શ્રી સુરેશચંદ્ર કાન્તિલાલ ત્રિવેદી | ગેરહાજર |
| ૯૨. | શ્રી ગોપાલ રમેશચંદ્ર ભટ્ટ | ગેરહાજર |
| ૯૩. | શ્રી મહેન્દ્ર જી. ભટ્ટ | ગેરહાજર |
| ૯૪. | શ્રી હરજીતસિંઘ દર્શનાસિંઘ શીખ | હાજર |
| ૯૫. | શ્રી શંકરસિંહ રામસિંહ રાણા | ગેરહાજર |
| ૯૬. | શ્રી ડોલી પંકજ પટેલ | ગેરહાજર |
| ૯૭. | શ્રી પંકજ ચંદુભાઇ પટેલ | હાજર |
| ૯૮. | શ્રી ઇન્દ્રવિજયસિંહ જી. ગોહિલ | હાજર |
| ૯૯. | શ્રી જોશ જહોન | ગેરહાજર |
| ૧૦૦. | ડૉ. પી. પી. પ્રજાપતિ | હાજર |
| ૧૦૧. | ડૉ. બી. વી. પટેલ | હાજર |
| ૧૦૨. | ડૉ. જે. એસ. જોષી | હાજર |
| ૧૦૩. | ડૉ. ડી. ડી. ઝાલા | ગેરહાજર |
| ૧૦૪. | શ્રી નૂતન કોટક | હાજર |
| ૧૦૫. | ડૉ. પ્રતિક કંચન | ગેરહાજર |
| ૧૦૬. | શ્રી ધવલસિંહ એન. ઝાલા | ગેરહાજર |
| ૧૦૭. | ડૉ. વનરાજસિંહ કે. ચાવડા | હાજર |

| | | |
|---|---|---|
| ૧૦૮. | શ્રી ધ્રુમિલભાઇ ડી. પટેલ | હાજર |
| ૧૦૯. | શ્રી મહેશભાઇ એલ. કસવાલા | હાજર |
| ૧૧૦. | શ્રી કૌશિકભાઇ જૈન | હાજર |
| ૧૧૧. | ડો. શિવાની એસ. રાજપૂરોહિત | હાજર |
| ૧૧૨. | શ્રી ધીરજ એચ. રાઠોડ | હાજર |
| ૧૧૩. | ડો. રશ્મિકાન્ત વી. દવે | હાજર |
| ૧૧૪. | શ્રી નરેશ દેસાઇ | હાજર |
| ૧૧૫. | શ્રી ચિરાગ પટેલ | હાજર |

સભાની શરૂઆતમાં પ્રમુખસ્થાનેથી નીચેનો શોકદર્શક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો:

ગુજરાત યુનિવર્સિટી કોર્ટ (સેનેટ)ની આ સભા અવસાન પામેલ એવા યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળ સાથે સંકળાયેલા સભ્યશ્રીઓ, અધ્યાપકો, કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ માટે ઉંડા શોકની લાગણી અનુભવે છે અને પરમકૃપાળુ પરમાત્મા સદ્દગતના દિવંગત આત્માઓને શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના સાથે આ સભા શ્રધ્ધાંજલિ અર્પે છે.

ઉપરનો શોકદર્શક પ્રસ્તાવ સભાગૃહે ઉભા થઇને એક મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પી પસાર કર્યો.

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી :

**૧: (૧) તા.૩૦-૩-૨૦૧૭ના રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.**

ઠરાવ : તા.૩૦-૩-૨૦૧૭નાં રોજ મળેલી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધ સર્વાનુમતે મંજુર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

તે પછી બા.ક્ર.૧(અ) પ્રશ્નોત્તરી અંગેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું અને પ્રશ્ન ક્રમાંક : ૧ થી ૨૨૨ પરત્વેની તમામ કાર્યવાહી સર્વાનુમતે મંજુર કરવામાં આવી હતી.

**૨: ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તા.૩૧મી માર્ચ,૨૦૧૭ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના ૬૭માં વાર્ષિક અહેવાલ પર વિચારણા કરવા બાબત.**

એકિઝકયુટીવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **ડૉ.બળદેવભાઈ વી.પટેલે** નોટીસ આપી છે.

" તા.૩૧ માર્ચ,૨૦૧૭ના રોજ પુરા થતા વર્ષ દરમિયાનના ગુજરાત યુનિવર્સિટીના ૬૭મા વાર્ષિક હેવાલ પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી નોંધ લે છે."

ઠરાવ : સદરહુ પ્રસ્તાવ ડો. બળદેવભાઇ વી. પટેલે રજુ કર્યો, તેને ડો. વનરાજસિંહ ચાવડાએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.

**૩: ૨૦૧૬-૨૦૧૭ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસના હેવાલ પર વિચારણા કરવા બાબત.**

એકિઝકયુટીવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજૂ કરવાની **શ્રી મહેશભાઈ કસવાલાએ** નોટીસ આપી છે:
"આ સભા સને ૨૦૧૬-૨૦૧૭ના યુનિવર્સિટીના હિસાબો અંગેના બોર્ડ ઓફ એકાઉન્ટસના હેવાલની નોંધ લે છે."

ઠરાવ : સદરહુ પ્રસ્તાવ શ્રી મહેશભાઇ કસવાલાએ રજુ કર્યો, તેને શ્રી પંકજભાઇ શુકલાએ ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.

૪: **ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટે.૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીનું સને ૨૦૧૮-૨૦૧૯ના અંદાજપત્ર તથા સને ૨૦૧૭-૨૦૧૮ના પુનનિર્મિત અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.**

એકિઝક્યુટીવ કાઉન્સિલ તરફથી નીચેનો પ્રસ્તાવ રજુ કરવાની **ડૉ.દિગ્વિજયસિંહ ગોહિલે** નોટીસ આપી છે.

" ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ (૫) અનુસાર એકિઝક્યુટીવ કાઉન્સિલે યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરેલા સને ૨૦૧૮-૨૦૧૯ના અંદાજપત્ર તથા સને ૨૦૧૭-૨૦૧૮ના પુનનિર્મિત અંદાજપત્ર પર યુનિવર્સિટી કોર્ટની આ સભા વિચારણા કરી તેની નોંધ લે છે."

ઠરાવ : સદરહુ પ્રસ્તાવ ડૉ.દિગ્વિજયસિંહ ગોહિલે રજુ કર્યો, તેને ડો. મહેશભાઇ પટેલે ટેકો આપ્યો. તે પર મત લેવામાં આવતા, તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો.

૫: **શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન મળેલ તમામ એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝક્યુટીવ કાઉન્સિલની મીનીટસ મંજૂરી અર્થે (નોંધ: શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન મળેલ તમામ એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝક્યુટીવ કાઉન્સિલની મીનીટસ <u>www.gujaratuniversity.ac.in</u> પર મુકેલ છે).**

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ દરમ્યાન મળેલ તમામ એકેડેમિક કાઉન્સિલ તથા એકિઝક્યુટીવ કાઉન્સિલની મીનીટસ સર્વાનુમતે મંજુર કરવાનું રાખવું.

દરમ્યાન, સવારે ૧૧-૩૦ કલાકે સેનેટની ચાલું કાર્યવાહી દરમ્યાન, વિદ્યાર્થી સંગઠનો સભાગૃહમાં ગેરકાયદેસર રીતે ધસી આવ્યા હતા અને ચૂંટણી, પ્રવેશ, પરીક્ષા જેવા મુદ્દાઓ પરત્વે જોરશોરથી સુત્રોચ્ચાર કર્યા હતા અને આવેદનપત્ર આપીને રજુઆતો કરી હતી, જેને પ્રમુખશ્રીએ શાંતિથી સાંભળીને વિરામ બાદ બપોરે ૧-૩૦ કલાકે સભાનું કામકાજ પૂનઃ હાથ ધરતાં, કામકાજની યાદીપરની બાકીની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી હતી :

ડો. દિગ્વિજયસિંહ ગોહિલ, શ્રી મહેશભાઇ કસવાલા તથા ડો. ઇન્દ્રવિજયસિંહ ગોહિલે રજુઆત કરતાં જણાવ્યું હતું કે સેનેટની લાગણી છે કે સિકયોરીટીની ચૂંક હોય તો તેમની સામે કડક પગલાં લઇને દંડ કરવામાં આવે, ફરીથી તકેદારી રાખવા અને આગોતરૂં આયોજન કરવા સુચન કર્યું હતું.

સદર બાબતે પ્રમુખસ્થાનેથી માન. કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે સભ્યશ્રીઓની લાગણી વ્યાજબી છે, ખેદજનક ઘટના બની છે, સેનેટની મર્યાદાનું હનન થયું છે, સેનેટની સભાને બાનમાં લેવામાં આવી છે તેની સાથે આ સભા સંમત છે અને બનાવને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવે છે તેમજ ભવિષ્યમાં આવી ઘટના ન બને તે અંગે સલામતીની જવાબદારી નકકી કરતી પધ્ધતિ અમલમાં લાવવા જણાવેલ.

સભાગૃહમાં ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે સલામતી વ્યવસ્થા જાળવવામાં જયાં ક્ષતિ સર્જાઇ હતી તે જગ્યાએ સલામતીની વ્યવસ્થા જાળવતા સલામતી સ્ટાફના આ માસના મહેનતાણાંમાંથી અડધી (૫૦ ટકા) રકમ કાપી

લેવાનું રાખવું તેમજ પોલીસ વ્યવસ્થામાં ચૂક થવાથી વિદ્યાર્થી કાર્યકર્તાઓ સેનેટની સભામાં ધસી જઇ સભાનું ઔચિત્ય ભંગ કરવા બદલ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રીનો ખુલાસો માંગવાનું રાખવું.

**૬: ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંશોધન માટે કોઈ અલાયદુ બજેટ ફાળવવામાં આવતુ ના હોવાથી ઓર્ડિનન્સ. O.38 થી O.40 રદ કરવા અંગે તથા O.37માં નીચે મુજબ સુધારો કરવા અંગેની બાબત તા. ૦૬-૦૧-૨૦૧૭ની એક્ઝિકયુટીવ કાઉન્સિલમાં બા.ક્ર:૮થી ઠરાવ થયેલ છે, જે યુનિવર્સિટી કોર્ટની સભામાં મંજૂરી અર્થે.**

"The Grant Utilization Committee shall consist of the Vice-Chancellor, the Pro-Vice-Chancellor, if any and, six other members as appointed by the Vice-Chancellor."

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે તા.૦૬/૦૧/૨૦૧૭ની એક્ઝિકયુટીવ કાઉન્સિલમાં બા.ક્ર:૮થી થયેલ ઉપરોક્ત ઠરાવ મંજુર કરવાનું રાખવું અને તદ્દનુસાર એક્ઝિકયુટિવ કાઉન્સિલે સુચવેલ સુધારો મંજુર કરવાનું રાખવું.

**૭: સમાજની નામાંકિત/પ્રતિષ્ઠિત/જોખ્માદાર વ્યકિતને ડી.લીટ/ડી.એસસી/ડોકટરેટની માનદ ડીગ્રી તેમજ રેગ્યુલર કોર્ષ અંગેની જરૂરી પ્રક્રિયા કરવી ડી.લીટ/ડી.એસસીની માનદ ડીગ્રી નામાંકિત પ્રતિષ્ઠિત વ્યકિતને આપવાથી ગુજરાત યુનિવર્સિટીના વિધાર્થીઓને પ્રોત્સાહક તથા પ્રેરણાત્મક બને તે હેતુથી તા.૧૦/૧૧/૨૦૧૭ની એકેડેમિક કાઉન્સિલ/એક્ઝિકયુટીવ કાઉન્સિલમાં સદરહુ બાબત અંગે થયેલ ઠરાવ જે યુનિવર્સિટી કોર્ટની સભામાં મંજૂરી અર્થે.**

ઠરાવ : આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલ/એક્ઝિકયુટીવ કાઉન્સિલમાં થયેલ ઉપરોક્ત ઠરાવ મંજુર કરવાનું રાખવું અને બી.યુ.ટી.આર. અને માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં નિર્ણય કરીને ડી.લીટ/ડી.એસસી./એલએલ.ડી. વિગેરેની માનદ્ તેમજ રેગ્યુલર ડીગ્રી એનાયત કરવાનું રાખવું.

આ ઉપરાંત, રાષ્ટ્રીય સંસ્થાનો જેવા કે ડિફેન્સ, ઇન્સ્ટીટયુટ ઓફ એમીનન્સ, સરકારી સંસ્થાનો વિગેરેમાં કાર્ય કરતાં સંવર્ગો માટે ખાસ વ્યવસ્થાના ભાગરૂપ એમ.ફીલ./પીએચ.ડી. ની ડિગ્રી અંગે બી.યુ.ટી.આર. માં માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં જરૂરી નિર્ણય કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**<u>ડૉ.જશવંત એચ.ઠકકર, સેનેટ મેમ્બરે નીચેના (નં-૮ થી નં-૧૧) પ્રસ્તાવો રજૂ કરવાની નોટીસ આપી છે.</u>**

૮: સ્નાતક કક્ષાએથી સેમિસ્ટર પ્રથા રદ કરી પુન: વાર્ષિક પરીક્ષા પધ્ધતિ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં દાખલ કરવામાં આવે તે માટે કાર્યવાહી કરવા આ સભા સમક્ષ પ્રસ્તાવ રજૂ કરૂ છું.

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે સ્નાતક કક્ષાએથી સેમિસ્ટર પ્રથા રદ કરવા બાબતે અહેવાલ આપવા રાજય સરકારશ્રીનો પરિપત્ર હોઇ, રાજય સરકારશ્રી સાથે પરામર્શ કરવાનું રાખવું.

૯: યુ.જી.સી.ની ભલામણો અનુસાર ગુજરાતની યુનિવર્સિટીઓમાં વિવિધ સત્તામંડળોમાં અનામત દાખલ કરવાની કાર્યવાહી કરવા માટે આ સભા સમક્ષ પ્રસ્તાવ રજૂ કરૂ છું.

ઠરાવ : આથી ઠરાવવામાં આવે છે કે અગાઉ સદરહુ બાબતે સેનેટ સમક્ષ પ્રસ્તાવ આવી ગયેલ હોઇ પૂન: આવેલ ઉપરોક્ત પ્રસ્તાવ રદ કરવાનું રાખવું.

૧૦: ગુજરાત યુનિવર્સિટીમાં વર્ષોથી ફરજ બજાવતા ૧૬૭ કર્મચારીઓની નોકરીમાં ઉપસ્થિત થયેલ પ્રશ્નમાં ગુજરાત યુનિવર્સિટીની સિન્ડીકેટની સભામાં વારંવાર ઠરાવવામાં આવ્યા પ્રમાણે તે કર્મચારીઓને પેન્શન, ગ્રેજયુઈટી સહિતના લાભો આપવા માટે આ સભા સમક્ષ પ્રસ્તાવ રજૂ કરૂ છું.

ઠરાવ : ઉપરોકત પ્રસ્તાવ પરત્વે ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે સદરહુ ૧૬૭ કર્મચારીઓને પેન્શન, ગ્રેજયુઇટી સહિતના લાભો આપવા અંગે સરકારશ્રીમાંથી આવેલા પત્રવ્યવહારથી અધ્યક્ષસ્થાનેથી સભાને વાકેફ કરવામાં આવ્યા. પુખ્ત વિચારણાને અંતે છેલ્લાં ત્રણ દાયકાથી પણ વધારે સમયથી યુનિવર્સિટી ખાતે કાર્યરત આવા ૧૬૭ કર્મચારીઓને યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓને મળતા લાભો માનવતાના ધોરણે અને કર્મારીઓના હીતમાં આપવાનું રાખવું. વધુમાં સદરહુ પ્રશ્નના કાયમી ઉકેલ માટે રાજય સરકારશ્રીમાં અસરકારક રજુઆત કરવા માટે દિન-૧૦ ની અંદર ઉચ્ચ સ્તરીય ડેલીગેશન મોકલવાનું રાખવું.

૧૧: ગુજરાતની યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વર્ષોથી ફરજ બજાવતાં ખંડ સમયના અધ્યાપકોને પૂર્ણ સમયની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક આપવાના સરકારશ્રીના પગલાંને આવકારી બાકી રહેલા અને નેટ, સ્લેટ પાસ કે પી.એચ.ડી. ન કરી શકેલા ખંડ સમયના અધ્યાપકોને પણ ચોકકસ સમયમર્યાદામાં જરૂરી શૈક્ષણિક લાયકાત મેળવી લેવાની શરતે પૂર્ણ સમયના અધ્યાપક સહાયક તરીકે નિમણૂંક આપવા માટે આ સભા સમક્ષ પ્રસ્તાવ રજૂ કરૂ છું.

ઠરાવ : ઉપરોકત પ્રસ્તાવ પરત્વે ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે ક્રમાંક: ૧૦માં ઠરાવ્યા મુજબના ડેલીગેશન ધ્વારા ખંડ સમયના અધ્યાપકોના ઉપરોકત પ્રસ્તાવ બાબતે સરકારશ્રીમાં રજુઆત કરવાનું રાખવું.

<u>ડૉ.મનીષ એમ.દોશી, સેનેટ સભ્યશ્રીએ નીચેના (નં-૧૨ થી નં-૧૭) પ્રસ્તાવો રજૂ કરવાની નોટીસ આપી છે.</u>

નીચેના પ્રસ્તાવોની સુચન તરીકે નોંધ લેવામાં આવી :

૧૨: ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા અનુસ્નાતક-સ્નાતક અભ્યાસક્રમો માટે રોજગારી-માર્ગદર્શન સાથે નોકરીની તકો માટે કાયમી પ્લેસમેન્ટ સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવે જેમાં પ્લેસમેન્ટ ઓફિસર પુરા મહેકમ સાથે અસરકારક કામગીરી કરી શકે તેવુ વ્યવસ્થા તંત્ર માટે આ સભા સમક્ષ પ્રસ્તાવ રજુ કરૂ છું.

૧૩: યુનિવર્સિટી દ્વારા વિવિધ વિદ્યાશાખામાં પ્રથમ દશ આવેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીની ઉત્તરવહીઓ નવા વિદ્યાર્થીઓને માર્ગદર્શકરૂપ બને તે માટે વ્યાજબી કિંમતે ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ કરવા આ સભા સમક્ષ પ્રસ્તાવ રજુ કરૂછું.

૧૪: યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા સ્વનિર્ભર અભ્યાસક્રમો જે ચલાવવામાં આવે છે તેની ફીના આવકના વધારામાંથી અમુક રકમને વિદ્યાશાખાના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ગુણવત્તા આધારે પ્રોત્સાહન/સ્કોલરશીપની જોગવાઈ આગામી સત્રથી અમલ કરવા આ સભા સમક્ષ પ્રસ્તાવ રજુ કરૂ છું.

૧૫: છેલ્લા અમુક વર્ષોથી રાજયમાં અને ખાસ કરીને ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં લેભાગુ અમાન્ય સંસ્થાઓનો રાફડો ફાટયો છે આ સંજોગોમાં ગરીબ-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ આવી સંસ્થાઓનો ભોગ ન બને, નાણાંકીય તથા માનસિક હેરાન ન થાય તે અંગે યુનિવર્સિટી કાર્યાલય ખાતે અમાન્ય યુનિવર્સિટીની યાદી વાંચી શકે તે રીતે પ્રસિધ્ધિ કરાવી તથા યુનિવર્સિટી વેબસાઈટ ઉપર પણ આ યાદી મુકવા આ સભા સમક્ષ પ્રસ્તાવ રજુ કરૂ છું.

૧૬: યુનિવર્સિટી દ્વારા ચાલતા વિવિધ અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકા વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરવા આ સભા સમક્ષ પ્રસ્તાવ રજૂ કરૂ છું.

૧૭: છેલ્લા ઘણા વર્ષોથી શૈક્ષણિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ અમદાવાદ આગળ વધી રહયું છે, આઈ.આઈ.એમ.,પી.આર.એલ.,એલ.ડી.એન્જીનીયરીંગ,એલ.ડી.ઈસ્ટી.ઓફઈન્ડોલોજી,એમ.જી.સાયન્સ,અટીરા, સેપ્ટ, અનેક સંસ્થાઓ સહીત ૧૯૪૯માં ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઈ, ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાના ૬૦ કરતાં વધુ વર્ષ થયા છે, ત્યારે સમગ્ર અમદાવાદ શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનામાં જેમની કુનેહ,શ્રેષ્ઠીપણ,પ્રમાણિકતા હતા એવા સ્વ.કસ્તુરભાઈ લાલભાઈની યાદગીરીમાં યુનિવર્સિટીના મુખ્ય પ્રવેશ દ્વારે પ્રતિમાની અનાવરણ વિધિ થાય તેવો આ સભા સમક્ષ પ્રસ્તાવ રજુ કરૂ છું.

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૧૮. ગુજરાત યુનિવર્સિટીની સ્ટુડન્ટસ વેલ્ફેરની ચૂંટણીની કાર્યવાહી ગુજરાત યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૫૧(એ) મુજબ કરવામાં આવતી હતી. સદરહુ બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નં. ૩૯૪૧ તથા ૪૩૪૭ તથા ૪૩૮૫/૨૦૧૮માં નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૨૬/૦૩/૨૦૧૮ના આદેશમાં જણાવેલ છે કે આ ચૂંટણી ઓર્ડિનન્સ ૫૧(એ) મુજબ થઇ શકે નહીં તેના બદલે સ્ટેચ્યુટમાં જોગવાઇ હોવી જરૂરી છે, જે અંગે વિચારણા કરવા બાબત.

ઠરાવ : ઉપરોકત બાબતે તાકિદે કાર્યવાહી કરવાની થતી હોવાથી ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ અંગે સત્વરે અહેવાલ આપવા નીચેના સભ્યશ્રીઓની સમિતિની રચના કરવાનું રાખવું :

(૧) શ્રી મહેશભાઇ કસવાલા
(૨) ડૉ. દિગ્વિજયસિંહ ગોહિલ
(૩) ડૉ. બી. વી. પટેલ
(૪) પ્રિ. આર. વી. મહેતા
(૫) ડૉ. ભરત મૈત્રેય

સભાગૃહની કાર્યવાહી દરમ્યાન નીચેના ઠરાવો / સુચનો કરવામાં આવ્યા હતા :

(૧) શ્રી કૌશિકભાઇ જૈન, સેનેટ મેમ્બરે હાલની પાણીની સમસ્યાને ધ્યાનમાં લઇને પાણી બચાવવા અંગે વિધ્યાર્થીઓમાં જાગૃતિ આવે તે હેતુથી યુનિવર્સિટીના એન.એસ.એસ. ડિપાર્ટમેન્ટ ધ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે કે અભિયાન ચલાવવામાં આવે અને શકય હોય તો પરીક્ષાની રિસિપ્ટમાં "જલ હી જીવન હૈ" એવું સુત્ર લખવાનું રાખવા સુચન કર્યું હતું, જેને શ્રી ધ્રુમીલભાઇ પટેલે ટેકો આપ્યો હતો.

પરીક્ષાની રિસિપ્ટમાં "જલ હી જીવન હૈ" એવું સુત્ર લખવાની બાબતમાં બીજો કોઇ અવરોધ નહીં આવે તો ઉપરોકત સુચનનો અમલ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. વધુ માહિતી આપતા માન. કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે હાલમાં જ ગુજરાત યુનિવર્સિટીએ ટી.વી. સમાચાર ચેનલ ABP ASMITA અને DIVYA BHASKAR દૈનિકના સહયોગમાં "જળ શ્રીકૃષ્ણ" અને "જલ હી જીવન હૈ" અંગેનો પરિપત્ર દરેક કોલેજોમાં કર્યો છે.

(૨) પ્રિ. ડૉ. જયવંતભાઇ સરવૈયાએ રજુઆત કરી હતી કે જયારથી સેમેસ્ટર સીસ્ટમ દાખલ કરવામાં આવી છે ત્યારથી વિધ્યાર્થીઓને સેમેસ્ટર દીઠ માત્ર ૩૫-૪૦ દિવસો ભણવા મળતા હોય છે, જે ભણવાના દિવસો વધવા જોઇએ. એડમીશનની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવામાં આવે અને એક-બે રાઉન્ડ બાદ એડમીશનની પ્રક્રિયા જે તે કોલેજને સોંપી દેવા સુચન કર્યું હતું. આ ઉપરાંત, રીઝલ્ટ સમયસર બહાર પાડવા, જરૂર પડે તો પરીક્ષાનો સમય ઘટાડી પરીક્ષાઓ વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય તે પ્રમાણેની વ્યવસ્થા ગોઠવવા સુચન

કરતાં જણાવ્યું કે આનાથી પરીક્ષાના ખર્ચમાં પણ ઘટાડો થશે. એકેડેમિક કેલેન્ડર જાહેર કરીને તે પ્રમાણે જ તેનો અમલ કરવા અને સેમેસ્ટરનો સમયગાળો જાન્યુઆરીથી જૂન અને જુલાઇથી ડિસેમ્બર સુધી પણ સુચન કર્યું હતું.

આથી ઠરાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ની કેન્દ્રીય પ્રવેશ કામગીરી દરમ્યાન દરેક સ્નાતક અને અનુસ્નાતક પ્રોગ્રામ માટે ઓનલાઇન મોક રાઉન્ડ પછી બે રાઉન્ડ (રીશફલીંગ સહિત) કરવાના રહેશે. ત્યારબાદ કોલેજ ધ્વારા Inter Se મેરીટ તૈયાર કરીને પ્રવેશ વંચિત વિધ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. Inter Se મેરીટનો કોલેજો ધ્વારા ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩) પ્રિ. ડો. જયવંતભાઇ સરવૈયાએ કેન્દ્રીયકૃત પ્રવેશ કાર્યવાહીમાં વિધ્યાર્થી જે વિસ્તારમાં રહેતો હોય તેને બદલે બીજા વિસ્તારમાં પ્રવેશ મળવાથી કોલેજમાં જવાનું ટાળતા હોય છે એટલે સ્થાનિક લેવલે એડમીશન આપવામાં આવે તેવું સુચન કરેલ.

(૪) પ્રિ. ડો. જયવંતભાઇ સરવૈયાએ રજુઆત કરી હતી કે વિધ્યાર્થીઓના બહોળા માસને ધ્યાનમાં રાખીને એકવાર પરીક્ષાની જાહેર કરેલી તારીખો ન બદલવા સુચન કરેલ. ઘણીવાર તો આપણે પરીક્ષા શરૂ કરીએ છીએ અને બીજી યુનિવર્સિટીઓમાં તે જ પરીક્ષાઓ પૂર્ણ થતી હોય છે માટે એકેડેમિક કેલેન્ડર બનાવીએ અને તે પ્રમાણે જ અમલ કરવાનું રાખવા સુચન કરવામાં આવેલ અને પરીક્ષાની તારીખો કોઇ ટેક્નીકલ ખામી ન થાય તો કોઇપણ સંજોગોમાં તારીખોમાં ફેરફાર કરવો નહીં તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૫) પ્રિ. ડો. સ્ટારપાયલ ઐયરે સુચન કરેલ કે એસેસમેન્ટ, રી-એસેસમેન્ટ, કોલેજમાંથી સમયસર ઇન્ટરનલ માર્કસ મોકલવા વિગેરે દરેક પરીક્ષા સંબંધી શીડયુલનો સમય ફિકસ કરવાનું રાખવું.

(૬) પ્રિ. ડો. સ્ટારપાયલ ઐયરે રજુઆત કરી હતી કે ટી.વાય.ના રિઝલ્ટ સમયસર જાહેર થવા જોઇએ કે જેથી વિધ્યાર્થીઓ પોષ્ટ-ગ્રેજયુએટમાં એડમીશન લઇ શકે. ઘણીવાર એવું થાય છે કે આપણા રિઝલ્ટ પડે ત્યાંસુધીમાં બીજી યુનિવર્સિટીઓમાં પ્રવેશની કાર્યવાહી પૂર્ણ થઇ ગઇ હોય છે.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાને લગતા મળેલ ઉપરોકત વિવિધ સુચનો પરીક્ષા રિફોર્મ્સ કમીટી સમક્ષ મુકવાનું રાખવું અને સદરહુ કમીટી પર આમંત્રિત સભ્યશ્રીઓ તરીકે (૧) પ્રિ. ડો. જયવંતભાઇ સરવૈયા અને (૨) શ્રી ચિરાગભાઇ પટેલને નીમવાનું રાખવું.

(૭) વધુમાં, સેનેટની વર્ષમાં એકવાર મળતી મીટીંગ દરમ્યાન પરીક્ષા વિભાગની કામગીરી સંભાળતા ડે. રજીસ્ટ્રારશ્રી રાજેશભાઇ પટેલની ગેરહાજરી અંગે સભામાં પૃચ્છા થઇ હતી, જે અંગે કુલસચિવશ્રીએ જણાવેલ કે શ્રી રાજેશભાઇ પટેલને ઓપરેશન કરાવવાનું હોવાથી આકસ્મિક રજાપર હોવાનો તેમણે એસએમએસ કરેલો. સદરહુ બાબતે શ્રી રાજેશભાઇ પટેલનો ખુલાસો માંગવા રજુઆત થઇ હતી.

(૮) શ્રી સ્ટારપાયલ ઐયરે કોલેજોમાં જુનિયર કલાર્કની ભરતી માટે મીનીમમ લાયકાત કઇ ગણવી તે અંગે રજુઆત કરી હતી અને જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટીમાં જુ.કલાર્ક માટે મીનીમમ લાયકાત ગ્રેજયુએટ છે, જયારે રાજય સરકારશ્રીમાં ધો.૧૨ પાસ છે. આ અંગે ચર્ચાવિચારણા બાદ, કોલેજમાં જુ.કલાર્કની ભરતી માટે રાજય સરકારશ્રીના લાયકાતના નિયમો મુજબ નિમણુંક કરવાનું રાખવાનું ઠરાવવામાં આવ્યું.

(૯) સેનેટ સભ્યશ્રી નરેશભાઇ દેસાઇએ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટમાં હાયર પેમેન્ટથી ચાલતા કોર્ષીસની ફી ઘટાડવા માટે કરેલ સુચન પરત્વે માન. કુલપતિશ્રીએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ બધા એક્સ્ટ્રા

ઓર્ડિનરી કોર્ષીસ છે તે માટે આપણે બહારથી એક્સપર્ટ બોલાવવા પડે છે તેથી કોર્ષનું નિર્વહન કરવા માટે આપણે ફી લેવી પડે છે. આ સેલ્ફ-ફાઇનાન્સ કોર્ષીસ નથી.

ચર્ચાવિચારણા બાદ યુનિવર્સિટી પાસે ઉપલબ્ધ ૧૦% જેટલી નાણાંકીય સ્ત્રોત એવી થાપણો કે અન્ય આવકમાંથી જોગવાઇ કરીને યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટમાં હાયર પેમેન્ટથી ચાલતા કોર્ષીસની ફી ઘટાડવાનું ઠરાવવામાં આવ્યું.

(૧૦) શ્રી પંકજભાઇ શ્રીમાળીએ ગુજરાત યુનિવર્સિટી ખાતે કાર્યરત એસસી/એસટી સેલની કામગીરી પરત્વે નારાજગી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે છેલ્લાં દોઢ વર્ષથી એકપણ મીટીંગ બોલાવી નથી અને હાલ સેલની કામગીરી સંભાળતા ડેપ્યુટી રજીસ્ટ્રારને બદલવા અંગે સુચન કર્યું હતું, જેને ધ્યાનમાં લઇને હાલ પરીક્ષા વિભાગની કામગીરી સંભાળતા શ્રી રાજેશભાઇ પટેલને એસસી/એસટી સેલના ડેપ્યુટી રજીસ્ટ્રાર તરીકેનો સ્વતંત્ર હવાલો સોંપવા અને પબ્લીકેશન ઓફિસર તરીકે કામગીરી સંભાળતા શ્રી કે.ડી.વોરાને હાલની ફરજો ઉપરાંત ફરજ પરના ખાસ અધિકારી (Officer on Special Duty) તરીકે પરીક્ષા વિભાગની કામગીરીનો સ્વતંત્ર હવાલો સોંપવાનું ઠરાવવામાં આવ્યું.

(૧૧) શ્રી પંકજભાઇ શ્રીમાળીએ રજુઆત કરી હતી કે પરીક્ષા દરમ્યાન વિધ્યાર્થીઓ ધ્વારા ગેરરીતિ થતી હોવા છતાં કોપી કેસ કરવામાં આવતા નથી. ખાસ કરીને એમ.જી. સાયન્સ કોલેજ, સોમલલિત કોલેજ, જી.બી.શાહ જેવી અન્ય કોલેજોમાં વિધ્યાર્થીઓ પાસેથી કોપીઓ પકડાઇ હોવા છતાં તે વિધ્યાર્થીઓને કોપી કેસ કર્યા વિના જવા દેવામાં આવ્યા છે. આવી કોલેજોમાંથી સીસીટીવી ફૂટેજના આધારે કડક કાર્યવાહી કરવા જણાવવું અને યુનિવર્સિટીની શુધ્ધિ સમિતિ સમક્ષ આવા કેસ મુકવા ઠરાવવવામાં આવ્યું.

(૧૨) શિક્ષણ વિભાગના તા.૬/૩/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : ગજય/૧૩૧૧/૮૯૭૨૫૫/ખ-૨ મુજબ ખાલી પડેલ બિન શૈક્ષણિક જગ્યાઓને આંતરિક ફેરફારથી ભરવા મંજુરી આપેલ છે તે જોતાં, યુ.જી.સી. એમ.એચ.આર.ડી./ભારત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : (૧) એફ.૧૦-૫૨/૮૭- Desk(U) તા.૨૨/૧૧/૧૯૮૮ (૨) ક્રમાંક :૧-૩૨/૨૦૦૬ U/II/I(iii) તા.૩૧/૧૨/૨૦૦૮ના પરિપત્ર મુજબ ડેપ્યુટી રજીસ્ટ્રાર કક્ષાની જગ્યાઓમાં યુ.જી.સી.ના સીધી ભરતીના લાયકાતના ધોરણો મુજબ અનુસ્નાતક પદવી સાથે અનુસ્નાતક કક્ષાએ લઘુત્તમ ૫૫ ટકા તથા ૫ વર્ષનો આસિસ્ટન્ટ રજીસ્ટ્રારનો અનુભવ સ્વીકાર કરી યુનિવર્સિટીમાં પણ બઢતીથી ભરવામાં આવતી ડેપ્યુટી રજીસ્ટ્રાર કક્ષાની જગ્યાઓ માટે આ લાયકાતના ધોરણો લાગુ પાડવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગેની જરૂરી કાર્યવાહી કરવાની સત્તા સર્વાનુમતે માન. કુલપતિશ્રીને આપવાનું ઠરાવવવામાં આવ્યું.

(૧૩) ડો. બી. વી. પટેલે રજુઆત કરી હતી કે ગુજરાત યુનિવર્સિટી પાસે વિવિધ આવકના સ્ત્રોતોમાંથી મળતી રકમની થાપણો છે, જે વ્યવસ્થાના સુચારૂં સંચાલન માટે જરૂરી સુધારા-વધારા કે વિકાસના કાર્યો કરવા સારૂં જરૂર જણાય તો ઉપયોગ કરવા સારૂં આવી થાપણો વટાવીને જરૂરી વ્યવસ્થા કરવાનું રાખવું.

યુનિવર્સિટી એ કોઇ "પ્રોફીટેબલ એન્ટરપ્રાઇઝ" નથી તેવો મત સ્વીકારીને આ થાપણો વિધ્યાર્થી કે વ્યવસ્થાની સાંપ્રત જરૂરિયાતો અને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં ટકી રહેવા યુનિવર્સિટીને જરૂરી માળખાકીય તેમજ શૈક્ષણિક સંશાધનો ઉપલબ્ધ કરાવવા માટે વાપરવી જરૂરી છે. આ અંગેની જરૂરી કાર્યવાહી કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૧૪) ડો. જે એસ. જોષીએ કરેલ સુચનને ધ્યાનમાં લઇને ગુજરાત યુનિવર્સિટી ગુજરાતની અગ્રગણ્ય યુનિવર્સિટી હોઇ, વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહેવા નવા આયામો જેવા કે સરદાર પટેલ સ્પોર્ટસ સીટી, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ટેનીસ એકેડેમી, યુનિવર્સિટી પ્રવેશ ધ્વાર તથા યુનિવર્સિટીનું બિલ્ડીંગ હેરીટેજ હોઇ એક હેરીટેજ પાર્કના નિર્માણ માટે તેમાં કરવાના થતા જરૂરી સુધારા-વધારા, યુનિવર્સિટી સ્ટાફ માટે હેલ્થ કલબ, વિધ્યાર્થીલક્ષી નવા કોર્ષને અનુરૂપ જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર ધરાવતા બિલ્ડીંગો, નવા રોડ તથા કેમ્પસમાં વિધ્યાર્થી લક્ષી જરૂરી એમીનીટીસ, જૂના બિલ્ડીંગના ડીમોલેશન, એ.પી.જે. અબ્દુલ કલામ સેન્ટર ફોર એક્ષટેન્શન રિસર્ચ એન્ડ ઇનોવેશન (CERI), લો, જર્નાલીઝમ, કોમર્સ, જીઓગ્રાફી બિલ્ડીગોનું નવીનીકરણ, રિચર્સ પાર્ક, જરૂરી અધ્યતન સગવડો સાથેની નવી હોસ્ટેલ્સના નિર્માણ, સ્ટાફ કવાર્ટર્સ, બાલઘર, આંતરરાષ્ટ્રીય Transit House ની કામગીરીના આયોજન હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું અને આ અંગેની જરૂરી કાર્યવાહી કરવાની સત્તા સર્વાનુમતે માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૧૫) ડો. બી. વી. પટેલે કરેલ સુચનને ધ્યાનમાં લઇને ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓને સાંપ્રત જરૂરિયાતો તેમજ ગ્લોબલ કોમ્પીટન્સીને અનુરૂપ નવા કોર્ષીસ માટે રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય ક્ક્ષાના અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવવા જરૂરી એમ.ઓ.યુ. કરવાની સત્તા માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું અને આવા કોર્ષીસ માટે જરૂરી આયામોનું આયોજન કરવાની સત્તા સર્વાનુમતે માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૧૬) શ્રી રમેશભાઇ ચૌધરીએ કરેલ સુચનને ધ્યાનમાં લઇને રમતગમત અને રિચર્સ સેન્ટર જેવા આયામો અને આંતર રાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા માટે GUSEC, CERI, RESEARCH PARK, Technology Business Inqubilator (TBI), Atal Innovation Centre (AIC), Finishing Schools, University Brand Store (Souvenir Shop), HERITAGE PARK વિગેરે જેવા આયામોનું ભંડોળ રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારમાંથી માંગવાનું રાખવાની પ્રક્રિયા કરવાની સત્તા સર્વાનુમતે માન. કુલપતિશ્રીને આપવાનું રાખવા ઠરાવવામાં આવ્યું.

(૧૭) ભારત શોધ સંસ્થાન સાથે મળીને એક "સેન્ટર ઓફ ઇન્ડીક સ્ટડીઝ"ની સ્થાપના કરવી અને તે અંગેના આનુષાંગિક બજેટની ફાળવણી કરવાની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું, જે અંગે જાગૃતિ કાર્યક્રમો, ટ્રેઇનીંગ અને એમ.ઓ.યુ. કરવાની સત્તા સર્વાનુમતે માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

(૧૮) ગુજરાત યુનિવર્સિટી ખાતે કાર્યરત કન્સલ્ટીંગ સેલ GUSEC, AIC, Research Park, GUCC, Special Purpose Vehicle (SPV) જેવી કે Section-8 Company તેમજ અન્ય જરૂરી પ્રાવધાનો કરવા અને તેને લગતી આનુષાંગિક કાર્યવાહી કરવાની સત્તા સર્વાનુમતે માન. કુલપતિશ્રીને આપવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂર્ણ થયું હતું.

હુકમથી
ડો. પી. એમ. પટેલ
કુલસચિવ(ઇન્ચાર્જ)

નં.કોર્ટ/3765/૨૦૧૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯